GJRJ010073672026

| | |
|---|---|
| દાખલ તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| રજીસ્ટર તારીખ | ૩૦/૦૭/૨૦૨૬ |
| નિકાલ તારીખ | ૦૬/૦૮/૨૦૨૬ |

| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
|---|---|---|---|
| | ૦૦ | ૦૦ | ૦૬ |

**રાજકોટના મહે. ત્રીજા એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુ. રાજકોટ.**

**ફોજદારી પરચુરણ અરજી નં. ૨૭૫૭/૨૦૨૬**

**આંક–6**

**અરજદાર**

**મનોજ ઉર્ફે મનીયો ઉર્ફે બિસ્લેરી પ્રવીણભાઈ કરશનભાઈ મકવાણા,**
ઉ.વ.આ.–૨૨, ધંધો–હાલ કશુ નહીં,
રહે. મહાત્મા ગાંધી પ્લોટ, બેડીપરા, પારેવડી ચોક,
રાજકોટ.
હાલ– રાજકોટ મધ્યસ્થ જેલ, રાજકોટ.

**વિરૂદ્ધ**

**સામાવાળા**

શ્રી સરકાર

**બાબત: માનવતાના ધોરણે ટેમ્પરરી જામીન મળવા અંગેની અરજી**

---

**અરજદાર તરફે – વિ. વ.શ્રી પી.ડી.ગોહીલ**
**સરકારશ્રી તરફે – વિદ્વાન એ.પી.પી શ્રી એસ.એન.અત્રિ**

---

## – ચુ કા દો –

(૧) આ કામના અરજદાર/આરોપી રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૪૦૪૦૩/૨૦૨૪, બી.એન.એસ.એક્ટની કલમ–૧૦૩(૧), ૫૪, ૨૪૯(એ), ૨૪૯(બી), ૨૩૮(એ), મુજબના ગુનામાં સેશન્સ કેસ નંબર ૨૩૨/૨૦૨૪ ના કામે જ્યુડીશીયલ કસ્ટડીમાં મધ્યસ્થ જેલ રાજકોટમાં કેદમાં છે અને અરજદાર/આરોપીએ હાલની આ અરજી તેમના વિ.વકિલશ્રી મારફતે માનવતાના ધોરણે દિન–૩૦ ના વચગાળાના જામીન મેળવવા માટે દાખલ કરેલી છે.

(૨) હાલની વચગાળાની જામીન અરજી રજુ થતા સામાવાળા સરકારશ્રીને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે જે નોટીસની બજવણી થઈ ગયેલ છે. સામાવાળા સરકારશ્રી તરફે એ.પી.પી.શ્રી હાજર થયેલા છે. હાલના કામે બન્ને પક્ષકારોના વિ.વકિલશ્રીઓની રજુઆત રૂબરૂ સાંભળી, રેકર્ડ તથા પોલીસ તપાસના પેપર્સ વંચાણે લીધા.

(૩) અરજદાર/આરોપી તરફે મુખ્યત્વે એવી દલીલ કરવામાં આવેલ છે કે, અરજદાર/આરોપીની ઉપરોક્ત ગુનાના કામે અટક કરેલ ત્યારથી જ્યુડીશ્યલ કસ્ટડીમાં જેલમાં છે. અરજદાર/આરોપી ૨૨ વર્ષના યુવા છે. અરજદાર/આરોપી પર તેમના વિધવા વૃદ્ધ માતાનું ભરણપોષણ કરવાની જવાબદારી છે. આરોપીના માતા પાસે હાલ આવકનું કોઈ સાધન નથી. તેમની તબીયત પણ સારી રહેતી નથી. ઘર ચલાવવા માટે આર્થિક સગવડ પણ નથી. આર્થિક તંગીના કારણે અરજદારના માતા સારવાર પણ કરાવી શકતા નથી. તે સંજોગોમાં અરજદારને તેમના માતુશ્રીને આર્થિક રીતે મદદરૂપ થવા માટે નાણાંની વ્યવસ્થા કરવા માટે માનવતાના ધોરણે જામીન મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં નામ. કોર્ટ ફરમાવે તે શરતોનું પાલન કરવાની તેમજ ક્યાંય નાસી ભાગી જશે નહીં અને જામીન મુક્તિના સમયનો અન્ય કોઈ રીતે દુરઉપયોગ કરશે નહીં તેની ખાત્રી આપે છે. તે સંજોગોમાં ઉપરોક્ત હકીકતો ધ્યાને લઈ હાલમાં અરજદારને માનવતાના ધોરણે દિવસ–૩૦ ના વચગાળાના જામીન ઉપર મુકત કરવા રજુઆત કરેલ છે.

(૪) સરકારશ્રી તરફે વિ. સ્પે. પી.પી. શ્રી દ્વારા મુખ્યત્વે એવી દલીલ કરેલ છે કે, આ કામના અરજદાર/આરોપી માનવહત્યા જેવા જઘન્ય અપરાધમાં પ્રથમદર્શનીય સંડોવાયેલા છે. આ કામના અરજદાર/આરોપીએ અન્ય આરોપીઓ સાથે મળી, મરણજનાર પર બોથડ પદાર્થ વડે હુમલો કરી મરણજનારને જીવલેણ ઈજા પહોંચાડી ક્રુરતાપુર્વક કરપીણ હત્યા કરી નાખવાના માનવ હત્યા જેવા ગંભીર ગુનાનો અપરાધ છે જેમાં મૃત્યુદંડ અથવા આજીવન કારાવાસની સજાની જોગવાઈ થયેલી છે. અરજદારની રેગ્યુલર જામીન અરજી મંજૂર થતી નથી તેથી અરજદાર/આરોપી યેન કેન પ્રકારે જેલ માંથી બહાર આવવા માંગે છે. અરજદારની અરજીમાં જે કારણો જણાવેલ છે તે માટે અરજદાર/આરોપીની પ્રત્યક્ષ હાજરીની જરૂર નથી. અરજદારના માતુશ્રીની સારસંભાળ તેમજ પૈસાની વ્યવસ્થા તેમના કુટુંબના અન્ય સભ્યો કરી શકે તેમ છે અને તે માટે અરજદાર/આરોપીની પ્રત્યક્ષ હાજરીની જરૂરીયાત નથી. આ સંજોગોમાં અરજીમાં જણાવેલ કારણો ધ્યાને વચગાળાના જામીન માટેનું કોઈ ખાસ કારણ નથી, કાબુ બહારના કોઈ સંજોગો નથી. વધુમાં આ કામે સેશન્સ કેસનું કામ ફરિયાદપક્ષના પુરાવાના તબક્કા પર પેન્ડીંગ છે તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને કેસના આવા તબક્કે વચગાળાના જામીન ઉપર મુક્ત કરવામાં આવે તો ફરિયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે, નાસી ભાગી જાય અને ટ્રાયલ વિલંબમાં પડી જાય તેવી પુરેપુરી શક્યતા રહેલી છે. વધુમાં અરજદાર/આરોપી માનવહત્યા જેવા ગુનાના કામમાં કેદમાં છે અને તેથી તેમની સ્વતંત્રતા ઉપર કાયદાથી વ્યાજબી નિયંત્રણ મુકવામાં આવેલા છે અને તેથી તેઓ સ્વતંત્ર નાગરીક જેટલી ફ્રીડમની માંગણી કરી શકે નહીં કે તેવી ફ્રીડમ મેળવવા તેઓ હક્કદાર થતા નથી માટે તેમની અરજી નામંજુર કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

(૫) જામીન અરજી, તે સાથે રજુ દસ્તાવોજો, ત.ક.અધિકારીનો અભિપ્રાય તેમજ સેશન્સ કેસ નં. ૨૩૨/૨૦૨૪ નું રેકર્ડ વંચાણે લીધુ. બન્ને પક્ષકારોના વિ.વકિલશ્રીઓની રૂબરૂ દલીલો સાંભળી. આ કામના અરજદાર/આરોપી માનવહત્યા જેવા જઘન્ય અપરાધમાં પ્રથમદર્શનીય સંડોવાયેલા છે. ફરિયાદની હકીકત મુજબ આ કામના અરજદાર/આરોપી

અન્ય આરોપીઓ સાથે મળી, મરણજનાર પર બોથડ પદાર્થ વડે હુમલો કરી મરણજનારને જીવલેણ ઈજા પહોંચાડી ક્રુરતાપુર્વક કરપીણ હત્યા કરી નાખવાના માનવ હત્યા જેવા ગંભીર ગુનાનો આક્ષેપ છે જેમાં મૃત્યુદંડ અથવા આજીવન કારાવાસની સજાની જોગવાઈ થયેલી છે. અરજદાર તરફે હાલની અરજી તેમના વિધવા માતાની સારસંભાળ રાખવા તેમજ તેમને ઘરની આર્થિક પરિસ્થિતિમાં મદદરૂપ થવા પૈસાની વ્યવસ્થા કરવા માટે માનવતાના ધોરણે વચાગાળાના જામીન ઉપર મુકત કરવા હાલની અરજી કરેલ છે. પરંતુ અરજીમાં જણાવેલ કારણ વચગાળાના જામીન માટે મુકત કરવા માટે યોગ્ય અને વ્યાજબી કારણ હોવાનું જણાઈ આવતુ નથી. અરજદાર/આરોપીના માતાની સારસંભાળ તેમજ સારવાર માટે પૈસાની વ્યવસ્થા કુટુંબના અન્ય સભ્યો કરી શકે તેમ છે અને તે માટે અરજદાર/આરોપીની પ્રત્યક્ષ હાજરીની જરૂરીયાત નથી તેવી વિ.એ.પી.પી.શ્રી તરફે કરવામાં આવેલ રજૂઆત વ્યાજબી જણાઈ આવે છે. આ સંજોગોમાં અરજીમાં જણાવેલ કારણો ધ્યાને વચગાળાના જામીન માટેનું કોઈ ખાસ કારણ નથી, કાબુ બહારના કોઈ સંજોગો જણાઈ આવતા નથી. વધુમાં આ કામે સેશન્સ કેસનું કામ ફરિયાદપક્ષના પુરાવાના તબક્કા પર પેન્ડીંગ છે તેવા સંજોગોમાં અરજદાર/આરોપીને કેસના આવા નાજુક તબક્કે વચગાળાના જામીન ઉપર મુકત કરવામાં આવે તો ફરિયાદપક્ષના કેસને નુકશાન પહોંચાડે, નાસી ભાગી જાય તેવી પુરેપુરી શકયતાઓ હોવા અંગેની સરકારશ્રી તરફેની રજુઆત વ્યાજબી હોવાનું જણાઈ આવે છે. તેમજ અરજદાર/આરોપી ઉપર માનવહત્યા જેવો સમાજ વિરોધી અતી ગંભીર ગુનાનો પ્રથમદર્શનીય આરોપ છે ત્યારે નામ. ગુજરાત હાઈકોર્ટ દ્વારા પ્રસ્થાપિત થયેલ સિદ્ધાંત મુજબ માનવહત્યા જેવા ગંભીર ગુનામાં અરજદાર/આરોપીના વ્યક્તિ સ્વતંત્રતાના અધિકારો ઉપર કાયદાથી વ્યાજબી નિયંત્રણ મુકવામાં આવેલ હોય તેવા સંજોગોમાં અરજદાર/આરોપી ભારત દેશના સ્વતંત્ર નાગરીકોને મળી શકે તેવી ફ્રીડમની માંગણી કરી શકે નહીં, તેવો પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંત ધ્યાને લેતા અરજદારની હાલની વચગાળાની જામીન અરજી મંજૂર કરવી વ્યાજબી જણાઈ આવતી નથી અને તેથી જામીન અરજી નામંજુર કરવા સિવાય અન્ય કોઈ વિકલ્પ રહેતો ન હોય નીચે મુજબનો આખરી હુકમ

કરવામાં આવે છે.

**:: હુકમ ::**

**૧.** અરજદાર/આરોપી **મનોજ ઉર્ફે મનીયો ઉર્ફે બિસ્લેરી પ્રવીણભાઈ કરશનભાઈ મકવાણા** નાઓની હાલની આ વચગાળાના જામીન ઉપર મુક્ત કરવા માટેની ફોજદારી પર. અરજી આથી **નામંજૂર** કરવામાં આવે છે.

**૨.** આ હુકમની એક નકલ સેશન્સ કેસ નં. ૨૩૨/૨૦૨૪ સાથે રાખવી.

હુકમ આજ તારીખ–**૦૬ ઠ્ઠી**, માંહે–**ઓગસ્ટ,** સને–**૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

રાજકોટ.

**તા.૦૬/૦૮/૨૦૨૬**

**(ઈકરામખાન બશીરખાન પઠાણ)**
**ત્રીજા** અધિક સેશન્સ જજ,
રાજકોટ.
**(UIC NO.GJ00614)**